GJVD050027532023

RECEIVED ON : 08.08.2023
REGISTERED ON : 08.08.2023
DECIDED ON : 12.06.2026
DURATION : YEAR-MONTH-DAY
02 10 04

# સાવલીના અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. સાવલી, જિ.વડોદરા.

ફોજદારી કેસ નં.૨૨૬૨/૨૦૨૩
આંક–

ફરીયાદી : શ્રી સરકાર

**વિરુધ્ધ**

આરોપીઓ : ૧. કમલેશભાઇ ઉર્ફે ટાઇબી રમણભાઇ માળી
૨. ધર્મેશકુમાર જયંતિભાઇ માળી
૩. મહેશભાઇ રામાભાઇ માળી
૪. વિષ્ણુભાઇ રામાભાઇ માળી
તમામ રહેવાસી : ભાદરવા ચોકડી, સાવલી
જી.વડોદરા

ગુનો : ઇ.પી.કો.૨૯૪(ખ), ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબ

---

ફરીયાદ પક્ષ તરફે :– વિ.એ.પી.પી.શ્રી પી.એમ.રાઠોડ
આરોપી પક્ષ તરફે :– વિ.વકિલશ્રી વી.આર.પટેલ

---

**–:: ઠ રા વ::–**

**૧.** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તારીખ : ૨૦.૦૫.૨૦૨૨ ના રોજ કલાક ૨૨:૩૦

વાગ્યાના સુમારે મોજે સાવલી ટાઉન ખાડીયા બજારમાં આ કામના ફરીયાદી પોતાના ઘરની બહાર આંગણામા બેઠા હતા તે વખતે લગ્નનો વરઘોડો નિકળેલો જેમાં જોર જોરથી ડી.જે. વાગતુ હોય જેથી ફરીયાદી તથા સાહેદોએ ડી.જે.નો અવાજ ઓછો કરવા કહેતા આ કામના આરોપીઓ હાથમાં ડંડા લઈ દોડી આવી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી તથા સાહેદોને બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરવામાં એક બીજાની મદદગારી કરી ઈ.પી.કો. કલમ–૨૯૪(ખ), ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબની ફરીયાદ દાખલ થતાં તેની તપાસ કરતાં આરોપી વિરૂદ્ધ ગુન્હો બનતો હોવાનો પુરાવો હોય, ત.ક.અમલદારશ્રીએ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ છે.

૨. સદર ચાર્જશીટ રજુ થતા કોગ્નીઝન્સ લઈ આરોપીઓ સામે સમન્સ ઈસ્યુ કરવામાં આવેલો, જેની ધોરણસરની બજવણી થતાં આરોપીઓ અત્રેની કોર્ટમાં હાજર રહેતાં આરોપીઓને પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓ વિરૂદ્ધના સદર ગુના સબબ આંક–૦૬ થી વિગતવારનું તહોમતનામું ઘડી, વાંચી સંભળાવી સમજાવી આંક–૦૭ થી ૧૦ સુધી આરોપીઓની પ્લી નોંધતા આરોપીઓએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરી સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતાં સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

3. ત્યારબાદ ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ છે.

**મૌખીક પુરાવો**

| ક્રમ | સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી ફરજાનાબાનુ ફારુકખાન પઠાણની જુબાની | ૨૩ |
| ૨. | ઇકબાલહુસેન બસીરમિંયા શેખની જુબાની | ૨૫ |
| ૩. | સરફરાઝ સીરાજખાન પઠાણની જુબાની | ૨૬ |
| ૪. | શકલેનમિંયા ઇમ્તીયાઝહુસેન શેખની જુબાની | ૨૭ |
| ૫. | શાહરૂખ ઇકબાલહુસેન શેખની જુબાની | ૨૮ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમાંક | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૨૪ |

ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૨૯ થી કલોઝીંગ પુરસીસ રજુ કરતાં ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ કરવામાં આવેલ છે. ત્યારબાદ વિ.એ.પી. પી. શ્રીની તથા આરોપીપક્ષે વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવી.

ત્યારબાદ ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવા જોતા આરોપીનુ ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવું જરુરી જણાતું ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૪. આ કામે સદરહુ કેસના ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

## -:: મુ દ્દા ઓ ::-

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તારીખ : ૨૦.૦૫.૨૦૨૨ ના રોજ કલાક ૨૨:૩૦ વાગ્યાના સુમારે મોજે સાવલી ટાઉન ખાડીયા બજારમાં આ કામના ફરીયાદી પોતાના ઘરની બહાર આંગણામા બેઠા હતા તે વખતે લગ્નનો વરઘોડો નિકળેલો જેમાં જોર જોરથી ડી.જે. વાગતુ હોય જેથી ફરીયાદી તથા સાહેદોએ ડી.જે.નો અવાજ ઓછો કરવા કહેતા આ કામના આરોપીઓ હાથમાં ડંડા લઈ દોડી આવી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી તથા સાહેદોને બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરવામાં એક બીજાની મદદગારી કરી ઈ.પી.કો. કલમ-૨૯૪(ખ), ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

જવાબ: નકારમાં

૨. શું હુકમ...?

જવાબ: આખરી હુકમ મુજબ.

## -:: કા ર ણો ::-

**મુદ્દા નંબર :- ૧ અને ૨ અંગે :-**

૫. આ કામે બન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, હકીકતોનું પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવેલી છે.

૬. આરોપી સામેના ઉપરોકત ગુન્હાહિત કૃત્ય બદલના ગુન્હા સામે ફરિયાદ પક્ષ તરફે તેમના કેસના સમર્થનમાં ઉપર જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા છે. જેનું ઝીણવટભરી રીતે તુલનાત્મક મુલ્યાંકન કરી કેસના નિર્ણય ઉપર પહોંચવાનું રહે છે. તે સંદર્ભે ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલા પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો, સદર કામે આંક-૨૩ થી ફરીયાદી ફરજાનાબાનુ ફારુકખાન પઠાણ નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ ગામમાં લગ્ન પ્રસંગ હોય ત્યાં વરઘોડો નિકળેલો અને તેમાં ડી.જે. વાગતુ હતુ અને ખુબજ અવાજ આવતો હતો જેથી કોણ શુ બોલતુ હતુ તેની તેઓને ખબર નથી. વરઘોડામાં લોકો નાચતા હોય જેથી એકબીજાને ધકકો વાગવાથી પડી ગયેલા અને તેમાં અમુક ઇસમોને ઈજાઓ થયેલી જે તે સમયે તેઓને એવુ લાગેલ કે હાલના આરોપીઓએ ધકકામુકકી કરેલ છે જેથી તેઓએ શંકાના આધારે ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદ બતાવવામાં આવતા તેમા તેઓની સહી ઓળખી બતાવી આંક-૨૪ થી રજુ કરેલ છે. આરોપીઓને જોયે તેઓ ઓળખતા નથી. તેઓને મુદ્દામાલ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહી.

સદરહુ સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકિકતોને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને ફરીયાદ પક્ષે તેઓની વિસ્તૃત ઉલટતપાસ કરતા પણ તેઓએ ફરીયાદ પક્ષના કેસની હકિકતને મદદરૂપ થાય તેવી કોઇ હકિકત જણાવેલ નથી.

સદરહુ સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે ઘણા બધા માણસોનુ ટોળુ હતુ અને ખુબજ અવાજ આવતો હતો જેથી કોણ શુ બોલતુ હતુ તે તેઓ ચોકકસ કહી શકે નહી.

૬.૧ ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ ઇકબાલહુસેન બસીરમિંયા શેખ નાઓને આંક–૨૫ થી, સાહેદ સરફરાઝ સીરાજખાન પઠાણ નાઓને આંક–૨૬ થી, સાહેદ શકલેનમિંયા ઇમ્તીયાઝહુસેન શેખ નાઓને આંક–૨૭ થી તથા સાહેદ શાહરૂખ ઇકબાલહુસેન શેખ નાઓને આંક–૨૮ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓના ગામમાં લગ્ન પ્રસંગ હોય ત્યાં વરઘોડો નિકળેલો અને તેમાં ડી.જે. વાગતુ હતુ અને ખુબજ અવાજ આવતો હતો જેથી કોણ શુ બોલતુ હતુ તેની તેઓને ખબર નથી. વરઘોડામાં લોકો નાચતા હોય જેથી એકબીજાને ધકકો વાગવાથી પડી ગયેલા અને તેમાં અમુક ઇસમોને ઇજાઓ થયેલી. ત્યારબાદ ફરજાના બાનુ નાઓએ શંકાના આધારેફરીયાદ આપેલી અને પોલીસે તેઓનો જવાબ લીધેલો. આરોપીઓને જોયે તેઓ ઓળખતા નથી. તેઓને મુદ્દામાલ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહી.

સદરહુ સાહેદો ફરીયાદ પક્ષના કેસની હકિકતોને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને ફરીયાદ પક્ષે તેઓની વિસ્તૃત ઉલટતપાસ કરતા પણ તેઓએ ફરીયાદ પક્ષના કેસની હકિકતને મદદરૂપ થાય તેવી કોઇ હકિકત જણાવેલ નથી.

સદરહુ સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે ઘણા બધા માણસોનુ ટોળુ હતુ અને ખુબજ અવાજ આવતો હતો જેથી કોણ શુ બોલતુ હતુ તે તેઓ ચોકકસ કહી શકે નહી.

૭. સદર કામે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૨૯૪(ખ), ૫૦૬(૨) તથા ૧૧૪ ના ગુનાના આક્ષેપો મુકવામાં આવેલ છે. તે અન્વયે ફરીયાદી તથા સાહેદોન. સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદો પુરાવો જોતા તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી હકીકતો જણાવેલ નથી અને બનાવ સમયે તેઓના ગામમાં લગ્ન પ્રસંગ હોય ત્યાં વરઘોડો નિકળેલ અને તેમાં ડી.જે.વાગતુ હતુ ત્યાં ખુબ જ અવાજ આવતો હતો જેથી કોણ શુ બોલતુ હતુ તેની તેઓને ખબર નહી હોવાની અને આરોપીઓ વિરુધ્ધ શંકાના આધારે ફરીયાદ આપેલ હોવાનુ તથા આરોપીઓ તેમજ મુદામાલ ઓળખી શકે નહી તેવી હકિકત જણાવે છે. આમ ફરીયાદપક્ષના સાહેદો જ જયારે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં ના હોય ત્યારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો આવેલ નથી.

૮. આમ ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધ ઘડવામાં આવેલ તહોમતનામા મુજબનો ગુનો કરેલ હોય કે તેવો લેશમાત્ર પુરાવો સદર કામનાં ફરીયાદી તથા સાહેદના પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, ફરીયાદપક્ષ તહોમતનામા મુજબની હકીકત વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં.૧નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: આ ખ રી હુ ક મ ::

(૧) આ કામનાં આરોપીઓ (૧) કમલેશભાઇ ઉર્ફે ટાઇબી રમણભાઇ માળી (૨) ધર્મેશકુમાર જયંતિભાઇ માળી (૩) મહેશભાઇ રામાભાઇ માળી (૪) વિષ્ણુભાઇ રામાભાઇ માળી, તમામ રહેવાસી : ભાદરવા ચોકડી, સાવલી, જી.વડોદરા નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮ (૧) અન્વયે સાવલી પો.સ્ટે. પાર્ટ–''એ'' ગુ.ર.નં. ૧૧૧૯૭ ૦૪૭૨૨ ૦૫૧૪/૨૦૨૨ થી નોંધાયેલ ઇ.પી.કો.કલમ–૨૯૪(ખ), ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકુમ કરવામાં આવે છે.

(૨) **પ્રત્યેક** આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(ક) અન્વયે અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/–(અંકે રૂપીયા પાંચ હજાર) પુરાના જામીન તથા જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદર કામે કબજે કરેલ મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૨ મી, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૨/૦૬/૨૦૨૬
સ્થળ : સાવલી.

**(એમ.એ.શેખ)**
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સાવલી, જિ.વડોદરા.
**કોડ નં. જી.જે.૦૧૧૫૨**

Addl. Chief Judicial Magistrate,
Savli, Dist. Vadodara.